પાન મસાલા- તમાકુના વિક્રેતાઓમાં ભારે ફફડાટ

૧ કરોડ ૧૧ લાખથી વધુની કિંમતના મુદ્દામાલ જપ્ત : મુદ્દામાલ સાથે બંને ટ્રકના ચાલક-ક્લીનરની અટકાયત

વલસાડ,તા.૩

વલસાડ જિલ્લાની ઉમરગામ પોલીસને મળેલી બાતમીના આધારે ઉમરગામ પોલીસે દહેરી વિસ્તારમાં આવેલી નવી જી.આઇ.ડી.સી.માં આવેલી મસ્ત મસાલા કંપનીની બાજુમાં બે ટ્રકોમાંથી શંકાસ્પદ સામાનની અદલા-બદલી થઈ હતી. આથી પોલીસની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા ટ્રકમાંથી મળેલા થેલાઓમાં પાન મસાલા અને તમાકુનો મોટો જથ્થો મળી આવ્યો હતો. વલસાડ જિલ્લાના ઉમરગામ પોલીસે ઉમરગામ જીઆઈડીસી વિસ્તારમાંથી રૂપિયા ૧ કરોડથી વધુની કિંમતના ગેરકાયદેસર પાન મસાલા અને તમાકુનો જથ્થો જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ચાર આરોપીની અટકાયત કરી તેમની પૂછપરછ હાથ ધરી છે અને ગુટખા સપ્લાયના નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

વલસાડ જિલ્લાની ઉમરગામ પોલીસને મળેલી બાતમીના આધારે ઉમરગામ પોલીસે દહેરી વિસ્તારમાં આવેલી નવી જી.આઇ.ડી.સી.માં આવેલી મસ્ત મસાલા કંપનીની બાજુમાં બે ટ્રકોમાંથી શંકાસ્પદ સામાનની અદલા-બદલી થઈ હતી. આથી પોલીસની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા ટ્રકમાંથી મળેલા થેલાઓમાં પાન મસાલા અને તમાકુનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે ટ્રકના ચાલક અને ક્લિનરને પૂછપરછ કરતાં તેમની પાસેથી કોઈ બિલ કે આધાર પુરાવાઓ નહીં મળી આવતા તમામ જથ્થો જપ્ત કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે રૂપિયા ૧ કરોડ ૧૧ લાખથી વધુની કિંમતના મુદ્દામાલ સાથે બંને ટ્રકના ચાલક અને ક્લીનરની અટકાયત કરી હતી.મહત્વપૂર્ણ છે કે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ગુટખા પર પ્રતિબંધ છે. તેમ છતાં કાળાબજારિયાઓ મોટી માત્રામાં પાન મસાલા અને તમાકુની ગેરકાયદેસર હેરાફેરી કરે છે. પોલીસના હાથે લાગેલા આ પાન મસાલા અને તમાકુનો જથ્થો ઉત્તર પ્રદેશથી લાવવામાં આવ્યો હતો. યુપીથી લાવવામાં આવેલા આ જથ્થાને અન્ય ટ્રકમાં ભરી અને મહારાષ્ટ્ર રવાના કરવામાં આવી ગયો હતો. એ પહેલાં જ ઉમરગામ પોલીસ ત્રાટકી હતી, અને તમામ જથ્થો જપ્ત કર્યો હતો અને પાન મસાલા ગુટકાના તમાકુના હેરાફેરીના નેટવર્કમાં મૂળ સુધી પહોંચવા માટે તપાસ તેજ કરી છે. આરોપીની ઓળખ કરીએ તો આરોપીઓના નામ પર એક નજર કરીએ તો ચંદ્રેશ યાદવ, કુલદીપ અગ્નિહોત્રી, સંજય જાદવ અને રામસિંગ ચૌહાણનો સમાવેશ થાય છે.

રાજ્યના છેવાડે વલસાડ જિલ્લો મહારાષ્ટ્રને અડીને આવેલ છે અને વાપી પંથકમાંથી લાખો અને કરોડોનો ગુટખા ઝડપવાની પહેલી ઘટના નથી. દર વખતે આજ પ્રકારે ગુટખા ઝડપાય છે અને ટ્રક ચાલાક અને ક્લીનર ઝડપાય છે. જે કેટલાક સમયમાં જ જામીન પર છૂટી જાય છે. ત્યારે પોલીસે આવા ગુટખા રેકેટના મૂળમાં જવાની જરુર છે. જોકે ચાલતી ચર્ચા મુજબ જો પોલીસ તળિયા ઝાટક તપાસ કરે તો અનેક મોટા માથાઓના નામ બહાર આવે તેવી શક્યતાઓ પણ જોવાઈ રહી છે.

આખરે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ ભાજપમાં જોડાયા

વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને વધુ એક આંચકો : ૩ વાર કોંગ્રેસમાંથી ચૂંટાયો છતાં મોદી મારા દીલમાં વસ્યા છેઃ અશ્વિન કોટવાલ : સાંબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા અનામત બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલનું ધારાસભ્ય પદ પરથી રાજીનામું

ગાંધીનગર, તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અશ્વિન કોટવાલ સત્તાવાર રીતે ભાજપમાં જોડાયા. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે કેસરિયો ખેસ પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું.

અશ્વિન કોટવાલે જણાવ્યું કે, તેઓ ૨૦૦૭માં જ ભાજપમાં જોડાવાના હતા. તેમણે આગળ કહ્યું કે, હું કોંગ્રેસમાં ૩-૩ વાર ચૂંટાયો છું પરંતું નરેન્દ્ર મોદી મારા દિલમાં વસેલા છે.

રાજયમાં જેમ જેમ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. તેમ તેમ પક્ષપલટો વધી રહ્યો છે. વિધાન સભાની ચૂંટણી પહેલા ઉત્તર ગુજરાતના આદિવાસી પંથકમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. એક સાંધેને તેર તૂટે જેવી સ્થિતિ કોંગ્રેસમાં જોવા મળી છે. સાંબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા અનામત બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલે ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ.નીમાબેન આચાર્યને રાજીનામુ સોંપ્યું છે અને આજે તેઓ ભાજપમાં સત્તાવાર રીતે જોડાયા છે. ઘણા સમયથી એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે કોટવાલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાશે. અશ્વિન કોટવાલ ૨૫૦૦થી વધુ આગેવાનો અને સમર્થકો સાથે ભાજપ કાર્યાલય કમલમ પહોંચ્યા હતા. ત્યાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અશ્વિન કોટવાલને કેસરિયો ખેસ પહેરાવીને ભાજપમાં સ્વાગત કર્યું છે. આ પ્રસંગે સાબરકાંઠાના સાંસદ, ધારાસભ્યો અને સ્થાનિક ભાજપના પદાધિકારીઓ પણ કમલમમાં હાજર રહ્યા હતા. મહત્વની વાત એ છે કે, ખેડબ્રહ્મા સીટ છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસનો ગઢ રહી છે. યુવા નેતા અશ્વિન કોટવાલનો ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર પંથકમાં દબદબો છે. અશ્વિન કોટવાલે બે ટર્મથી જંગી લીડથી ભાજપના રમીલા બારાને હરાવી ચૂંટણીમાં જીત મેળવી હતી. અશ્વિન કોટવાલે ૨૦૧૨માં ૫૦ હજારથી વધુ મતે વિધાનસભાની સામાન્ય ચૂંટણી જીતી હતી. કોટવાલે રાજકીય શરૂઆત ૨૦૦૫માં સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં ચૂંટણી લડીને કરી હતી.

ટિકટોક ગર્લ કીર્તિ પટેલની વસ્ત્રાપુર પોલીસે કરી ધરપકડ

ધમકી સહિતના ગુનાઓમાં પોલીસે કરી છે ધરપકડ : યુવતી વિરૂદ્ધ બીભત્સ લખાણ અને ફોટો શેર કર્યા હતા

અમદાવાદ, તા.૩

અવારનવાર વિવાદમાં ઘેરાતી ટિકટોક ગર્લ કીર્તિ પટેલની વસ્ત્રાપુર પોલીસે ધરપકડ કરી છે. વિવાદિત ટિકટોક ગર્લ કીર્તિ પટેલ વિરૂદ્ધ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. છેડતી સહિતના ગુનામાં કીર્તિ પટેલની પોલીસે ધરપકડ કરી છે. ભૂતકાળમાં થયેલી મારામારીની અદાવતમાં કીર્તિ પટેલે એક યુવતીને ધમકી આપીને બીભત્સ લખાણ તેમજ ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. જે બાદ અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં કીર્તિ પટેલ વિરુદ્ધ છેડતી, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ત્યારે પોલીસે આ મામલે તપાસ હાથ ધરીને ટિકટોક ગર્લ કીર્તિ પટેલની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બે મહિના પહેલાં સેટેલાઈટ વિસ્તારમાં થયેલી મારામારીના ગુનાની અદાવત રાખીને કીર્તિ પટેલે વસ્ત્રાપુરની યુવતીને ધમકી આપી હતી. કીર્તિ પટેલે સોશિયલ મીડિયામાં આ યુવતી વિરુદ્ધ બીભત્સ લખાણ તેમજ ફોટો વાયરલ કર્યા હતા. જેને લઈને કીર્તિ પટેલ અને ભરત ભરવાડ વિરુદ્ધ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ધારાસભ્યોની બેઠકો પરની પકડ અંગે ભાજપે સર્વે હાથ ધર્યો

વિધાનસભાની ચૂંટણીને લઈને રાજ્યમાં તૈયારી શરૂ : હાલના ધારાસભ્યને આગામી ચૂંટણીમાં ફરીવાર મેદાનમાં ઉતારવા કે નવા ઉમેદવારને ઉતારવા તે અંગે નિર્ણય લેવાશે

અમદાવાદ, તા.૩

જે રીતે રૂપાણી સરકાર પછી ભૂપેન્દ્ર પટેલની સરકાર દરમિયાન ગુજરાતમાં નો-રિપિટ થિયરી અપનાવવામાં આવી હતી તેવી જ થિયરી આગામી વિધાનસભાની ચૂંટણીમાં અપનાવાશે કેમ તેને લઈને ચર્ચાઓ શરુ થઈ હતી, હવે ચૂંટણી વહેલી થશે તેવી રાજકીય અટકળો વચ્ચે ગુજરાત ભાજપ દ્વારા તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. જેમાં હવે ભાજપ બેઠકો પર ધારાસભ્યોની કેવી પક્કડ છે તે અંગે સર્વે હાથ ધરવાની કામગીરી આરંભી દીધી છે. આ સર્વેમાં મતદારોમાં ધારાસભ્ય પ્રત્યેનું કેવું વલણ છે અને તેની વિધાનસભાની ચૂંટણી પર કેવી અસર થશે તે અંગેની બાબતોનું ધ્યાન રાખવામાં આવશે. આ સર્વેમાં મતદારોને ચૂંટણી પછી કેવી તકલીફ પડી અને તેમની શું માગણીઓ રહી છે તેનો પણ અભ્યાસ કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે હાલના જે ધારાસભ્યો છે તેમનાથી તેમના ક્ષેત્રમાં શું ફાયદો થયો અને કેવા પ્રકારના કામ બાકી રહી ગયા તેની વિગતો સર્વે દ્વારા મેળવવામાં આવશે. આ સર્વે માટે ભાજપ દ્વારા એ જ એજન્સીનો સંપર્ક કરવામાં આવ્યો છે કે જેના દ્વારા પશ્ચિમ બંગાળની ચૂંટણી દરમિયાન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

આ સર્વે એજન્સીના મેનેજરે જણાવ્યું કે, અમે બેઠક-પ્રમાણે ભાજપના ધારાસભ્યોની કામગીરી કેવી રહી છે તેના મુલ્યાંકન માટ સર્વ કરીશું. અમે આ માટે સમાજના લીડર, સ્થાનિક ઈન્ડસ્ટ્રી અને વેપારીઓ તથા સામાન્ય લોકો અને પત્રકારોને મળીશું. જેથી પાર્ટીના નેતાઓ અને વિરોધપક્ષના નેતાઓ વિશે લોકો શું વિચારે છે તે જાણી શકાય.

વધુમાં તેમણે કહ્યું કે, આ સર્વેમાં સ્થાનિક મુદ્દાઓ, ૧થી ૧૦ના માપમાં પાર્ટીની કામગીરી અને જ્ઞાતિ પરિબળો સહિતના મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવશે. વિસ્તૃત સર્વે રિપોર્ટ આગામી થોડા દિવસોમાં તૈયાર થઈ જશે અને તેની ભાજપના નેતાઓને સોંપણી કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

ભાજપના ધારાસભ્યોની તેમના વિસ્તારમાં કેવી સાખ છે તે જાણવા માટે કરાવવામાં આવી રહેલા સર્વે અંગે ભાજપના સૂત્રો જણાવે છે કે, ઉમેદવારોના પ્રાથમિક સર્વે પછી રેગ્યુલર સર્વે પણ કરવામાં આવશે, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોની જેમ જ અહીં ચૂંટણી આવે ત્યાં સુધી સમયાંતરે સર્વે કરવામાં આવશે. આ સાથે રાજ્ય સરકારે સ્થાનિક વિકાસના મુદ્દાઓ પર કઈ રીતે કામગીરી કરી અને મતદારોની શું આશા છે તેનું લિસ્ટ તૈયાર કરીશું.

પાટણ સહિત સમગ્ર જિલ્લામાં ભારે પવન ફૂંકાતા ચિંતા વધી

પાટણ જિલ્લામાં ફૂંકાયો તોફાની પવન : ભારે પવનથી દુકાન પરનો પતરાંનો ભારે વજનવાળો સેડ પણ હવામાં ઉડતો CCTVમાં કેદ થયો છે

પાટણ,તા.૩

પાટણ જિલ્લામાં બપોરે તોફાની પવનો ફૂંકાયા છે. પાટણ સહિત સમગ્ર જિલ્લામાં ભારે પવન ફૂંકાતા લોકોની ચિંતામાં વધારો થયો હતો. જિલ્લાના ચાણસ્મા અને સાંતલપુરમાં ભારે પવન ફૂંકાયા હોવાની માહિતી છે. ચાણસ્મામાં ભારે પવનને લઈ પતરાના સેડ ઉડતા સીસીટીવીમાં કેદ થયા હતા. ભારે પવનથી દુકાન પરનો પતરાંનો ભારે વજનવાળો સેડ પણ હવામાં ઉડતો ઝઝફ માં કેદ થયો છે. ભારે ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. પણ હવે હવામાન વિભાગે વાતાવરણમાં પલટો આવ્યો છે. સોમવારથી આગામી કેટલાંક દિવસો સુધી બંગાળની ખાડીમાંથી આવતી ભેજવાળી હવાઓ ઉત્તર ભારતને રાહત પહોંચાડશે. ભારતીય હવામાન વિભાગ મુજબ ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી પવન ફુંકાવવાનાં અણસાર છે. ક્યાંક વીજળી વાદળનાં અવાજ અને વરસાદ પડવાની સંભાવના છે. કેટલાંક વિસ્તારમાં ભારે પવન ફુંકાઈ શકે છે. જેનો વેગ ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાક હોઈ શકે છે. અમરેલી બાદ પાટણમાં બપોરના સમયે તોફાની પવનો ફૂંકાયા હોવાની માહિતી મળી રહી છે.

સોમવારે બપોર પછી એકાએક ભારે ગરમી વચ્ચે અમરેલી જિલ્લાના કેટલાક વિસ્તારમા વાતાવરણમાં પલટો આવ્યો હતો. એટલું જ નહીં, સાવરકુંડલાના કેટલાક ગામોમાં મીની વાવાઝોડુ ફુંકાયું હતું. ત્યારબાદ આદસંગ, થોરડી, ઘનશ્યામનગર જેવા ગામોમાં ભારે પવન સાથે વરસાદી ઝાપટું પડ્યું હતું. ખાંભા તાલુકાના ભાણીયા, નાનુડી, પીપળવા ગામમાં પણ વરસાદી ઝાપટા પડ્યા હતા.

આ સિવાય રાજુલાના ધુડિયા આગરિયા, મોટા આગરીયા, નવા આગરિયા ગામમાં વરસાદ પડી રહ્યો હોવાના સમાચાર હતા. કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે કેરીના પાકને નુકસાનની સંભાવના સેવવામાં આવી રહી છે. ભર ઉનાળામાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો.

આસામ જેલમાંથી છૂટ્યા બાદ જીગ્નેશ મેવાણી અમદાવાદમાં

અમદાવાદ એરપોર્ટ પર જીગ્નેશ મેવાણીનું ભવ્ય સ્વાગત : જીગ્નેશ મેવાણીને ૯ દિવસ જેલમાં રાખવામાં આવ્યા હતા

અમદાવાદ,તા.૩

આસામ જેલમાંથી છુટકારા બાદ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અમદાવાદ પહોંચ્યા છે. અમદાવાદ એરપોર્ટ પર જીગ્નેશ મેવાણીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અલગ અલગ બે કેસમાં જીગ્નેશ મેવાણીને ૯ દિવસ જેલમાં રાખવામાં આવ્યા હતા. આસામ પોલીસે ૨૦ એપ્રિલ મોડી રાત્રે જીગ્નેશ મેવાણીની ગુજરાતમાંથી ધરપકડ કરી હતી. ગઈ કાલે જીગ્નેશ મેવાણી દિલ્હી પહોંચ્યા હતા અને ત્યાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. હવે તેઓ આજે અમદાવાદ પહોંચ્યા છે. આજે સાંજે અમદાવાદ ખાતે સભાને સંબોધન કરશે.

આસામ પોલીસે કરેલા કેસ અંગે જીગ્નેશ મેવાણીએ કહ્યું - "આ ૫૬ ઈંચની કાયરતા છે, લાલ કિલ્લા ઉપર ગોડસે મુર્દાબાદ બોલી બતાવો"

આસામ પોલીસ દ્વારા ધકપકડ મામલે વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ગઈકાલે દિલ્હીમાં કોંગ્રેસ ઓફિસ ખાતે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ પ્રેસ કોન્ફરન્માં મેવાણીએ કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કરતાં કહ્યું કે, "મને બરબાદ કરવા માટે ષડયંત્ર કરવામાં આવ્યું હતું. તે (આસામ પોલીસ) મને સાથે લઈ ગયા પણ કેસ વિશે કંઈ પણ જણાવ્યું નહોતું. હું એક વકીલ પણ છું પરંતુ મારા ઉપર કઈ કલમો લગાવવામાં આવી તેની મને જાણકારી પણ નહોતી અપાઈ. ત્યાં સુધી કે મને મારા પરિવાર સાથે પણ મને વાતચીત નહોતી કરવા દીધી.

જીગ્નેશ મેવાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર સીધો હુમલો કરતાં કહ્યું કે, જ્યારે મને જામીન મળી ગયા ત્યાર બાદ તરત જ એક મહિલા દ્વારા મારા ઉપર ખોટો કેસ કરવામાં આવ્યો. આ ૫૬ ઈંચની કાયરતા છે. આસામ કોર્ટે આ હૈંઈને ખોટી ગણાવી હતી અને પોલીસ ઉપર ગંભીર સવાલ કર્યા હતા. ૧૯ તારીખે મારી સામે ફરિયાદ દાખલ કરાઈ અને તરત જ આસામ પોલીસ ૨૫૦૦ કિમી દુરથી મને ધરપકડ કરવા માટે ગુજરાત પહોંચી ગઈ. મારી ધરપકડ કરતી વખતે આતંકવાદીની ધરપકડ કરાય એવો માહોલ બનાવામાં આવ્યો. મારી અને મારી ટીમના કોમ્પ્યુટર, મોબાઈલ જપ્ત કરવામાં આવ્યા મને શંકા છે કે તેમાં જાસુસી સોફ્ટવેર નાખી દેવામાં આવ્યા છે. જિગ્નેશ મેવાણીએ મોદી સરકાર પર મોટો આરોપ લગાવતાં કહ્યું કે, "પ્રધાનમંત્રી કાર્યાલયમાં બેઠેલા નાથૂરામ ગોડસેના ભક્તોએ તેમના ઉપર ખોટી એફઆઈઆર કરાવી છે.

ડીસા-ભીલડી હાઈવે પર લગ્ન મંડપમાં આગથી અફરાતફરી

મંડપ બળીને ખાક, ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી

બનાસકાંઠા, તા.૩

ડીસા -ભીલડી હાઈવે પર એક લગ્નના મંડપમાં ભીષણ આગની ઘટના સામે આવી છે. બનાવને પગલે લગ્ન પ્રસંગમાં હાજર લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગતા મંડપ બળીને ખાક થઈ ગયો છે. આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. બનાવને પગલે સ્થાનિકોએ પણ પાણીનો મારો ચલાવ્યો હતો. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર આ ઘટના ડીસા-ભીલડી હાઈવે પર આવેલા માલગઢ ગામની છે. જ્યાં એકસાથે ચાર દીકરીઓના લગ્ન યોજાયા હતા. લગ્નવિધિ પૂર્ણ થયા બાદ જાનૈયાઓ દ્વારા ફટાકડા ફોડવામાં આવી રહ્યા હતા ત્યારે મંડપમાં લાગેલી સામાન્ય આગે જોતજોતામાં વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું. આગને પગલે લગ્નપ્રસંગમાં હાજરી આપવા આવેલા સેંકડો લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આગને પગલે સ્થાનિક લોકોએ માટી અને પાણીનો મારો ચલાવતા મોટી જાનહાનિ ટળી છે. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ગાડીઓ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

બગસરામાં ખેત મજૂરની બાળકીને સિંહે ફાડી ખાધી : ગ્રામજનોમાં રોષ

સિંહ મનુષ્ય લોહીનો તરસ્યો બન્યો : લગભગ અડધો કિલોમીટર સુધી બાળકીને ઢસડી લઈ જઈને સિંહે તેનો શિકાર કર્યો હતો

અમરેલી,તા.૩

અમરેલીમાં સિંહ મનુષ્ય લોહીનો તરસ્યો બન્યો. બગસરાના કડાયા ગામે ખેત મજૂરની બાળકીને સિંહ ઉપાડી ગયો હતો. લગભગ અડધો કિલોમીટર સુધી બાળકીને ઢસડી લઈ જઈને સિંહે તેનો શિકાર કર્યો હતો. બાળકીનું સિંહના હુમલાથી મોત થતા ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો હતો. વનવિભાગ ઘટના સ્થળે પહોચ્યું હતું. ત્યારે ગ્રામજનોએ સિંહને પાંજરે પૂરો પછી મૃતદેહ સ્વીકારશે તેવી માંગ કરી હતી. બગસરાના કડાયા ગામે મૂળ રાજસ્થાનનો સુકરમ નામનો યુવક પોતાના પરિવાર સાથે મહેશભાઈ જોરુભાઈ ધાધલની વાડીએ રહેતો હતો. તેને સંતાનમાં પાંચ વર્ષની દીકરી હતી. ગત રાતના સમયે તેની દીકરી મકાનની સામે રમી રહી હતી, ત્યારે અચાકન ત્યાં સિંહ આવી ચઢ્યો હતો. શિકારના શોધમાં આવેલ સિંહે બાળકીને ઉપાડી હતી અને ત્યાંથી ભાગી ગયો હતો. આ અંગે સુકરમે ગામ લોકોને જાણ કરતા જ ટોળેટોળા ઉમટી પડ્યા હતા. તમામ લોકોએ મળીને બાળકીને શોધ ચલાવી હતી. ત્યાં એક કિલોમીટર દૂર સિંહ બાળકીને ફાડીને ખાતો નજરે ચઢ્યો હતો. લોકોના અવાજથી તે બાળકીને છોડીને ભાગી ગયો હતો. લોકોએ નજીક જઈને તપાસ કરી તો બાળકી મરી ગઈ હતી. સિંહના શિકારથી તેના શરીરના અંગો પણ બહાર આવી ગયા હતા. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. લોકોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી.

સંખ્યા ઘટી રહી છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને એટલે ઉપપ્રમુખે જિલ્લા પંચાયતમાં આવવાનું બંધ કર્યુ છે.

જિલ્લાના ૧૮ ગામ અને ૧ ન.પા. વિસ્તારને ગાંધીનગર શહેર સાથે ભેળવ્યા પછી જિલ્લા પંચાયતની સ્વભંડોળની આવક વધે તેવો એક પણ નિર્ણય કર્યો નથી કે આ અંગે બેઠકો પણ કરી નથી.

વહીવટીતંત્રને અપાયેલા છુટા દોરને પગલે યોજનાકીય કામોનું મોનીટરીંગ પણ અટકી પડ્યુ છે. જિલ્લામાં કુપોષણની સમસ્યા ભરડો લઈ રહી છે પણ આ દિશામાં કોઈ પહેલ પંચાયતના નેતૃત્વએ કરી નથી.

પ્રાંતિયા ગામે પાણીની લાઈન નાખવાનું કામ પતી ગયા પછી તેને જોડાણ આપવા ચેરમેનને પત્રો લખવા પડી રહ્યા છે. જિલ્લા પંચાયતની સંકલન બેઠક યોજવાના નિર્ણય પછી અધિકારીઓની આનાકાની અને ડી.ડી.ઓ.ની ગેરહાજરી બાદ બેઠક ફરી મળી શકી નથી.

ગત વર્ષે ડી.ડી.ઓ. અને જિલ્લા પ્રમુખની ગ્રાન્ટ પરત લેવાના સામાન્ય સભામાં રેકોર્ડ થયેલ નિર્ણયને બાજુ પર મુકી તાત્કાલિક કામો હાથ ધરવાનો નિર્ણય થયા પછી આરંભે શુરા ગુજરાતીની જેમ શું થયું તે હજુ કોઈનેય ખબર નથી. જિલ્લા પંચાયતની ખાલી જગ્યાઓ તેમજ બઢતીપાત્ર જગ્યાઓ ભરવા માટે પણ કોઈ બેઠક વહીવટીય પાંખ સાથે થયાનું ક્યાંય કોઈને જણાયુ નથી. પંચાયત સંકુલની સ્વચ્છતા અંગે પણ જે અસરકારકતા સાથે કામગીરી થવી જોઈએ તે કરવામાં આવતી નથી. વીજપ્રવાહ વધારવા માટેની માંગમાં શું પ્રગતિ થઈ તેની પણ કોઈને ખબર નથી. પાર્કિંગની સમસ્યાના ઉકેલ માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. મનપાની કચેરી શરૂ થતાં જે ટ્રાફિક ભારણ વધશે ત્યારે પંચાયતના વાહનો ક્યાં મુકવા તેની કોઈ જ વાત ક્યારેય કરાઈ નથી. ગ્રાઉન્ડ ફ્લોર પર પેવર બ્લોક નાખવાની કામગીરી ક્યા અટવાઈ ગઈ તે હજુ કોઈને સમજાયુ નથી.

જિલ્લા પંચાયતમાં બનેલ આગની દુર્ઘટના બાદ પંચાયત મંત્રીએ તમામ મદદની ખાત્રી આપી હતી પરંતુ હવે તે અંગેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરી અને સ્વભંડોળ ઘટાડવાનો નિર્ણય પણ મોડો કરવામાં આવ્યો. આંકડા શાખા, મહિલા બાળ કલ્યાણ શાખાઓ અન્ય કચેરીઓમાં બેસાડવામાં આવી રહી છે. ગરમીના પ્રકોપ વચ્ચે કચેરીમાં પડદા લગાવી કર્મચારીઓને તડકાથી બચાવવાનો નિર્ણય પણ સત્તાવાહકો કરી શક્યા નથી.

ચાર્જમાં ચાલતી જગ્યાઓ પર કાયમી અધિકારીઓની નિયુક્તી પણ સરકારમાં અસરકારક રજુઆત કરી ભરાવવામાં નિષ્ફળ રહ્યુ છે.

વહીવટીય પાંખને અપાયેલા છુટાદોર બાદ પાંચ ગામમાં મુખ્યમંત્રી સંતૃપ્તી યોજના અંગે કરાયેલા સર્વેમાં જે નવા લાભાર્થીઓ મળ્યા છે તેના આંકડા ચોંકાવનારા રહ્યા છે પણ તંત્ર પાસે આ અંગે ખુલાસો કે વિગતો પણ મેળવવામાં આવી નથી. માણસામાં આજે મોટી સંખ્યામાં નવા લાભાર્થીઓને સામાજિક સંસ્થાએ શોધી આપ્યા છે.

માણસા તાલુકા પંચાયતની આર્થિક સ્થિતિની સુધારણા માટે તાલુકાના પદાધિકારીઓ સાથે બેઠક પણ કરી નથી. દહેગામ તાલુકા પંચાયતના નવા મકાન માટે છેલ્લા બે વર્ષથી મળેલ મંજૂરી પછી હજુ કામ શરૂ થઈ શક્યુ નથી. આવા બધા તો અનેકવિધ પ્રશ્નો હજુ વણ ઉકલ્યા રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં નબળા નેતૃત્વ અને સંગઠ્ઠનની વધુ પડતી દરમ્યાનગીરી તેમજ પક્ષના સભ્યોની આંતરિક જૂથબંધીએ ભાજપની છબી ખરડી નાખી છે એટલુ જ નહિ પંચાયતની રાજ્યવ્યવસ્થા તંત્રને છુટોદોર આપી નબળી પાડવાની દિશામાં આગેકદમ ભરતી હોય તેવુ લાગે છે.

જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી નવા સરપંચો કેટલા મળવા આવ્યા અને કેટલાને વિકાસના કામોની મંજૂરી આપવાને લઈ માર્ગદર્શન આપ્યુ તે પણ વણ ઉકલ્યો કોયડો રહ્યો છે. પ્રમુખ કે તંત્રના અધિકારીઓ ફિલ્ડ વિઝીટમાં જઈ કેટલા લોકોનો સંપર્ક કર્યો તે પણ મોટો પ્રશ્નાર્થ છે.

વીજ સંકટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરાબ છે. રાજસ્થાનમાં રાજ્ય સરકાર હેઠળ ૭ પાવર પ્લાન્ટ છે. આ તમામમાં કોલસાની અછત છે. આ સિવાય મહારાષ્ટ્રના ૭માંથી ૬, બંગાળમાં ૬માંથી ૬, તમિલનાડુમાં ૪માંથી ૪, ઉત્તર પ્રદેશમાં ૪માંથી ૩ પાવર પ્લાન્ટમાં કોલસાની અછત છે. એમપીના ૪માંથી ૩ પાવર પ્લાન્ટ કોલસાની અછતનો સામનો કરી રહ્યા છે. આંધ્રપ્રદેશ-કર્ણાટકમાં ૩-૩ પાવર પ્લાન્ટ છે જે કોલસાની કટોકટીનો સામનો કરી રહ્યા છે. આ સિવાય હરિયાણા અને ગુજરાતમાં ૩માંથી ૨ પાવર પ્લાન્ટમાં કોલસાની કટોકટી છે.

દેશમાં કાળઝાળ ગરમી વચ્ચે વીજળીની માગ ખૂબ ઝડપીથી વધી છે. આ સ્થિતીમાં દિલ્હી, યુપી, ઉત્તરાખંડ, એમપી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ, બંગાળ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, હિમાચલમાં કોલસાની અછતના અહેવાલો સામે આવ્યા છે. એટલું જ નહીં, આ રાજ્યોમાં લોકો અઘોષિત વીજ કાપથી પણ પરેશાન છે. હરિયાણામાં વીજળીની માગ ૯૦૦૦એમડબલ્યુ સુધી પહોંચી ગઈ છે. હાલમાં રાજ્યમાં ૧૫૦૦ એમડબલ્યુ પાવરની અછત છે.

બેઠક થઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુક્રેન સંકટ પર વાત કરી છે. પુતિને આ યુદ્ધ રોકવું પડશે. આશા છે કે ભારત પણ તેમાં રશિયાને પ્રભાવિત કરશે અને યુદ્ધ રોકવામાં સહાયક બનશે. તો પીએમ મોદીએ કહ્યુ કે ભારત અને ડેનમાર્કના સંબંધો પર વાત કરવાની સાથે અમે વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દા પર ચર્ચા કરી છે. અમે યુક્રેન યુદ્ધને તત્કાલ રોકવા અને શાંતિપૂર્ણ વાતચીતથી સમાધાનનો માર્ગ કાઢવા પર ભાર આપ્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે આપણા બંનેના લોકતંત્ર, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને કાયદાના શાસન જેવા મૂલ્યો તો ધરાવે છે. અમે હરિત રણનીતિની ભાગીદારી પર વિશેષ ટાસ્ક ફોર્સની સમીક્ષા કરી છે. ભારતમાં ૨૦૦થી વધુ ડેનિશ કંપનીઓ છે. આશા છે કે અમારો સહયોગ ઝડપથી આગળ વધશે. તેમણે કહ્યું- ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર અને ગ્રીન ઈન્ડસ્ટ્રીઝમાં ડેનિશ કંપનીઝ અને ફ્ર્ફહૈજર્ર્હૈર્જેહ ફ્રૈહઙ્ઘજ (ડેનિશ પેન્શન ફંડ્સ) માટે રોકાણની સારી તક છે. હવે પીએમ મોદી બીજા ભારત-નોર્ડિક શિખર સંમેલનમાં ભાગ લેશે. મોદી જર્મનીથી અહીં પહોંચ્યા છે. તેમણે જર્મનીના ચાન્સલર ઓલાફ શોલ્ઝ સાથે વિસ્તૃત દ્વિપક્ષીય ચર્ચા કરી અને ભારત-જર્મની અંતર-સરકારી પરામર્શની સહ-અધ્યક્ષતા કરી હતી. ડેનિશ પ્રધાનમંત્રીએ એરપોર્ટ પર પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું.

જૂથ અથડામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા માટે અપીલ કરી છે. વિસ્તારમાં તણાવના પગલે ઈન્ટરનેટ બંધ કરી દેવાયું છે. વાત જાણે એમ છે કે હાલ જોધપુરમાં ત્રણ દિવસનો પરશુરામ જયંતી મહોત્સવ ચાલે છે. એ જ કડીમાં ઝાલૌરી ગેટ ચાર રસ્તા પર સ્વર્ગીય બાલમુકુંદ બિસ્સા ચાર રસ્તા પર ભગવો ધ્વજ ફરકાવેલો હતો. જેને લઈને પ્રશાસને બ્રાહ્મણ સમાજને ભલામણ કરીને સોમવારે બપોરે ભગવો ધ્વજ ઉતરાવી લીધો હતો. પરંતુ રાત થતા તો લઘુમતી સમુદાયના લોકોએ સ્વતંત્રતા સેનાનીની પ્રતિમા પર ચડીને ધ્વજ લગાવી તેમના ચહેરાને ટેપથી ઢાકી દીધો હતો. જેને લઈને સ્વર્ગીય સ્વતંત્રતા સેનાની બાલમુકુંદ બિસ્સાના સંબંધીઓ અને અન્ય લોકોએ લઘુમતી સમુદાયના લોકોને ઈસ્લામિક ધ્વજ ઉતારવા માટે કહ્યું ત્યારે લઘુમતી સમુદાયના લોકોએ હિન્દુ સંગઠનના લોકો પર હુમલો કરી દીધો અને મારપીટ કરી. ત્યારબાદ હિન્દુ સંગઠનના લોકો બચવા માટે નજીકની પોલીસચોકી પહોંચ્યા. પરંતુ અલ્પસંખ્યકોની ભીડે પોલીસ ચોકીમાં પણ તોડફોડ મચાવી અને મારપીટ કરી.